## જન્મદિને વધામણી



અમૃતભાઈ ભીલ
મો. ૯૭૨૬૬ ૫૦૫૨૩



ચંદ્રકાન્ત દેસાઈ
મો. ૯૪૨૮૮ ૦૫૬૦૨



ફાલ્ગુની સંદીપ જગતાપ
મો. ૯૮૭૯૮ ૦૭૩૧૧



અલકેશકુમાર મોદી
કન્વીનર
ગાંધીનગર જિલ્લા મોદી સમાજ
મો. ૯૯૭૪૯ ૨૯૦૨૯



હિતાયુ ભાવેશભાઈ પ્રજાપતિ



હેત્વી કનુજી ઠાકોર
મો. ૯૮૯૯૮ ૮૧૮૯૯





'સૅટરડે નાઈટ્સ'ના માધ્યમથી નગરના કર્મઠ, કલાપ્રેમી યુવાનોએ શનિવારે રાત્રે લગ્નેતર સંબંધો પર આધારિત નાટક 'બેવફા સાજણ'નો ચોથો અંક પ્રસ્તુત કર્યો હતો. આ ઉપરાંત યુવા નૃત્યકારો દ્વારા નૃત્યો અને ગાયકો દ્વારા ગિટાર સંગ ગાયકી પણ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ ઍપિસોડમાં ધ્યાન ખેંચે એવી બાબત એ હતી કે તેના દ્વારા યુવાઓ દ્વારા 'પર્યાવરણ સંરક્ષણ'નો સંદેશ અસરકારક રીતે આપવામાં આવ્યો હતો. 'આપણે પર્યાવરણનો સાચવશું તો પર્યાવરણ આપણને સાચવશે' એવી સરળ અને જરૂરી વાતને યુવાઓએ બહુ જ સુંદર રીતે ઉજાગર કરી હતી અને 'સૅટરડે નાઈટ્સ'ના માધ્યમથી પોતાની સામાજિક જવાબદારીની ભાવના અભિવ્યક્ત કરી હતી.

# યોગ દિવસની જાગૃતિ માટે બ્રહ્માકુમારીઝ દ્વારા શાંતિયાત્રા







યોગની જાગૃતિ માટે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા શાંતિયાત્રાનું રવિવારે શહેરમાં આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના સૅક્ટર-૩ સેવા કેન્દ્ર દ્વારા આ શાંતિયાત્રા યોજાઈ હતી, જેમાં બૅનર્સ તથા યોગનાં ગીતો સાથે સફેદ યુનિફોર્મમાં ૨૦૦ જેટલા ભાવિકો જોડાયા હતા. આ પ્રસંગે વૉર્ડ નં. ૭ના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, રાકેશભાઈ પટેલ, હિરલબેન જોષી, ઉર્મિલાબેન વર્મા તથા બ્રહ્માકુમારી સુનિતાદીદી, અંજનાબેને ઉપસ્થિત રહી શાંતિયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

સુનિતાદીદીએ જણાવ્યું હતું કે રાજયોગ એ એવું મનોવિજ્ઞાન છે કે જે મનુષ્યની હિન ભાવનાઓને મૂળથી નષ્ટ કરે છે. રાજયોગનો અભ્યાસ મનમાં હકારાત્મક, અશાવાદી વિચારોનો પ્રવાહ જાગૃત કરે છે, બાહ્ય ચંચળ મનને શાંત કરે છે તેમજ આંતરચેતનામાં સુષુપ્ત અલૌકિક શક્તિઓને ઉજાગર કરે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઉડતા પંજાબ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૭.૧૫
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, હિન્દી)
૫.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
લવ યુ આલિયા
૧૨.૪૫
હાઉસફુલ-૩
૩.૩૦, ૧૦.૦૦
ટીન
૭.૦૦

**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૧૦.૦૦. ૨.૦૦. ૫.૦૦
ધનક
૭.૪૫, ૧૦.૦૦

# જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓને ગણવેશનું દાન

### દાતા પૃથ્વીભાઈ શાહે તેમનાં માતુશ્રીના સ્મરણાર્થે દાન આપ્યું : ગણવેશ વિતરણ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ સહિત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા



ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતેની એમ.બી. પટેલ હાઈસ્કૂલમાં શનિવારે દાતા પૃથ્વીભાઈ શાહના માતૃશ્રી સ્વ. ઈન્દિરાબાના સ્મરણાર્થે જરૂરિયાતમંદ બાળકોને ગણવેશ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ સહિત ગામના અગ્રણીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયની ધોરણ-૯ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતી જરૂરિયાતમંદ પરિવારની બાળાઓને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના સેક્ટર-૩૦માં રહેતા દાતા પૃથ્વીભાઈ શાહ દ્વારા તેમના માતૃશ્રી સ્વ. ઈન્દિરાબાના સ્મરણાર્થે આ ગણવેશનું દાન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના દ્વારા શાળામાં અવારનવાર આ પ્રકારના સદ્‌કાર્યો હાથ ધરવામાં આવે છે. જેના કારણે જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ઘણી સહાય મળી રહે છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત મનપાના મેયર પ્રવિણભાઈ પટેલે કન્યા કેળવણી પર ભાર મુકવા સાથે આ સદ્‌કાર્યને આવકાર્યું હતું. કાર્યક્રમમાં વાવોલના અગ્રણી કુબેરસિંહ ગોલ કાર્યક્રમના અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અગ્રણી અમરસિંહ ગોલ, જિલ્લા પંચાયત સદસ્ય જે.ડી. ચારેલ, વિનોદસિંહ ગોલ, વિજયસિંહ ચાવડા, રામસિંહ ગોલ, વ્યાસકાકા, ગુલામભાઈ શેખ, બચુભાઈ, રણછોડભાઈ પટેલ તથા એમ.ડી. શાહ પ્રાથમિક શાળાના જાગૃતિબેન અને સોનલબા ગોલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિનોદસિંહ ગોલે કન્યાઓને શિક્ષણમાં અગ્રેસર રહી આઈએએસ કક્ષાએ પહોંચવા પ્રેરિત કરી હતી. અમરસિંહ ગોલે શિક્ષણમાં સર્વને સમાનતાનો અધિકાર પ્રાપ્ત થાય તે અંગે આશાવાદ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે શાળાના આચાર્યએ તમામ મહેમાનોનું પુષ્પગુચ્છ તથા સુતરની આંટીથી સ્વાગત સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સિમરન શેખે કર્યું હતું.

# સૅ. ૨૯/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ, પીએ રાજેન્દ્રભાઈ, શિક્ષણવિદ બિપિનભાઈ રાવલ, ગાયત્રી પરિવારનાં જશુબેન, ક્રિડા સંસ્થાનાં સંચાલક, ઍસઍમસીના સભ્યો અને વાલીગણે મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

ધોરણ-૧ના વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ નિમિત્તે શૈક્ષણિક કિટની ભેટ ધરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકો દ્વારા નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની પૂર્ણાહુતિ પ્રસંગે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

યુસુફભાઈ-રોશનબેન દ્વારા બાળકોને તિથિભોજન આપવામાં આવ્યું હતું. સીમાબેન રાઠોડ દ્વારા ઈનામોનું સૌજન્ય પૂરું પાડવામાં આવ્યું હતું. મેયર અને સીઆરસી સંદીપભાઈ દ્વારા શૈક્ષણિક મૂલ્યાંકનવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ગાંધી મહેન્દ્ર ચત્રભૂજ ટ્રસ્ટ તરફથી

# વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સહાય

ગાંધીનગર, તા. ૧૬

ભાવનગર શહેરની ૬ કન્યાશાળાઓ તથા ૩ મહિલા કોલેજોમાં ધોરણ ૧૦, ૧૨ તથા સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી ૪૧૫ બહેનોને ગાંધી મહેન્દ્ર ચત્રભૂજ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી રૂ. ૨,૩૧,૫,૧૫ની શૈક્ષણિક ફી સહાય આપવામાં આવશે.

શિશુવિહારના સંકલન થકી છેલ્લા ૫ વર્ષથી સાતત્યપૂર્ણ રીતે પ્રતિવર્ષ બહેનોને અપાતી શૈક્ષણિક સહાયવશાત આર્થિક સહાયવશાત કોઈ દિકરી ધોરણ ૧૦, ૧૨ અને ગ્રેજ્યુએટ-પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ શિક્ષણથી વંચિત રહી જતી નથી જે આ પ્રવૃત્તિની શ્રેષ્ઠ ઉપલબ્ધી છે.

મુંબઈ સ્થિત રજનીભાઈ ગાંધીના માર્ગદર્શન હેઠળ ઓમ ગાંધી તથા હેમંત ગાંધીના પ્રયત્ન થકી ભાવનગર શહેરની દિકરીઓને વર્ષ ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક સત્રની ફી શાળા સ્તરે મળી રહી છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

## 'મારા પ્રેમાળ પાડોશી'

# દરેક પરિવારને આવા પાડોશી મળે એવી ઈશ્વરને પ્રાર્થના

**સંવેદના — મારા પ્રેમાળ પાડોશી**



હું આજે મારા પાડોશીની વાત કરુ છું, એ મારી બાજુના ક્વાર્ટરમાં રહેતાં લીલાબેન મહેતા.

અમે સૅક્ટર-૧૭માં પાડોશી તરીકે રહેતાં, હું સચિવાલયમાં નોકરી કરતી અને મારા પતિ સિઝનલ ધંધો... હું ઑફિસેથી થાકીને આવતી, બાળકો નાનાં અને ઈશ્વરકૃપાથી ધંધો સારો. સાંજે આવું તો રસોઈ બનાવવાનો પણ ક્યારેક તો સમય ના હોય અને ખૂબ મોડું થાય તેમ હોય ત્યારે આ લીલાબેન, જેને અમે માસી અને અમારાં બાળકો નાની કહીએ છીએ તેઓ પોતાના ઘેરથી જમવાનું બનાવીને અમારાં મોંમાં કોળિયા ખવડાવતાં. કદાચ આજકાલ તો નાનાં બાળકો પણ આવું સદનસીબ નહીં પામતાં હોય પરંતુ અમે ત્રણ બાળકોના માતા-પિતા બન્યા બાદ આવું સદનસીબ પામ્યા. આખો દિવસ અમારી દીકરીઓને ઘોડિયાઘરમાં ઉછેરતાં, છતાં થાક્યા વગર સાંજે અમારી સેવા કરતાં, જે કોઈ સગા પણ ન કરે. એમણે અમને અમારા માતા-પિતાની ખોટ સાલવા દીધી નથી.

મને યાદ છે, મારી દીકરી એકવાર ખૂબ બીમાર પડી હતી અને ડૉક્ટરે ૪૮ કલાક રાહ જોવાનું કહ્યું હતું, ત્યારે લીલાબા આખી રાત જાગ્યા હતા અને પ્રભુને પ્રાર્થના કરતા રહ્યા હતા. પ્રભુની કૃપા થઈ અને મારી દીકરી સાજી થઈ ગઈ.

લીલાબા આજે ૭૦ વર્ષની વયે પણ એટલાં જ મહેનતુ છે ને કોઈની તકલીફ કે દુખ વિશે સાંભળે તો તરત જ તેની ખબર કાઢવા પહોંચી જાય છે. એમના પતિ નિવૃત્ત છે ને ઘર ટૂંકી આવકમાં ચાલે છે પરંતુ પતિ-પત્ની બંનેનાં હૃદય ખૂબ વિશાળ છે, પારકા દુખે દુખી થવાની એમની ભાવનાને સલામ છે. લીલાબા-મહેતાકાકા તથા એમના સમગ્ર પરિવારને પરમાત્મા નિરોગી દીર્ઘાયુ અર્પે એ જ અમારી હૃદયપૂર્વકની પ્રાર્થના !

**- લક્ષ્મી મુરલીધર વાધવાણી**

શહેરના જૂના સૅક્ટરમાં અમારો વસવાટ. અમારી પાછળના મકાનમાં એક સંસ્કારી કુટુંબ વસે. અંદાજે ૧૦થી ૧૨ વર્ષ પહેલાંની વાત છે. ઉનાળાનો સમય હતો, અમે પતિ-પત્ની મીઠી નીંદર માણી રહ્યા હતા ને શયનખંડની બારીઓ ખુલ્લી હતી. મોડી રાત્રે એક ચોર ઘરમાં ચોરીના ઈરાદે ઘૂસ્યો, પણ એને ખબર નહીં કે અમારી પાછળના ઘરમાં રહેતો પરિવાર ગરમીને કારણે હજુ સૂઈ શક્યો ન હતો. તેમણે ચૂપકિદીથી આવીને ચોરને પકડી પાડ્યો ને પછી બૂમાબૂમ પણ કરી, જેથી અન્ય પાડોશીઓ પણ જાગી ગયા. ચોરને પકડીને પોલીસને હવાલે કરી દેવાયો ને અમારી જણસ સલામત રહી. અમારા પાડોશી જાગૃત હતા, સંવેદનશીલ હતા તો અમારું ઘર સલામત રહી શક્યું ને એય અમે ઘોર નિદ્રામાં હતા ત્યારે! દરેક પરિવારને આવા પાડોશી મળે એવી ઈશ્વરને પ્રાર્થના અને અમારા પ્રેમાળ પાડોશીને સલામ !

**- પ્રેમાળ પાડોશીનો પાડોશી**

પહેલો સગો પાડોશી એ સનાતન સત્યને સાર્થક કર્યું છે પુષ્પાબેન જયંતિલાલ પટેલે.

મણુંદ ગામના વતની અને બાલિસણાના આસરવાસી પુષ્પાબેન પોતાની નાની બે પુત્રીઓ : ખ્યાતિ અને જયસ્મિકાને લઈને સૅક્ટર-૨૦ના શિલ્પ ઍપાર્ટમેન્ટમાં રહેવા આવ્યાં. શરૂઆત સ્માઈલની આપ-લેથી થઈ, ત્યારબાદ બાળકોના સંબંધે પરિચય કેળવાયો, પાંગર્યો, ખીલ્યો ને વિકસ્યો. પચીસ વર્ષથી સુખદુખના સાથીદાર બની રહેલા પુષ્પાબેન દઢ સંકલ્પશક્તિ, મજબૂત મનોબળ અને અડગ આત્મવિશ્વાસ ધરાવે છે. જીવનની ચડતીપડતીમાં તેઓ સદા અમારી સાથે રહ્યાં છે. પારિવારીક, સામાજિક કે વ્યાવહારિક બાબતોમાં મને પુષ્પાબેનનું સતત માર્ગદર્શન મળતું રહ્યું છે એટલું જ નહીં, અથાણાં, મસાલા, અનાજ, કાપડ કે ફર્નીચર એ દરેક બાબતમાં સાચું, સારું માર્ગદર્શન આપે. મારા પુત્રના લગ્નપ્રસંગે મૂંઝાયેલી હતી ત્યારે તેમણે સતત મારી પડખે ઊભા રહી પ્રસંગને સરસ રીતે ઉકેલવામાં મને સહાય કરી હતી.

તેઓ સ્પષ્ટવક્તા. જે કામ બરાબર ન થતું હોય ત્યાં સ્પષ્ટ રીતે અંગૂલીનિર્દેશ કરે. આસપાસનાં ઘરોમાં એમનો વાટકીવ્યવહાર તો ખરો જ, પરંતુ અવારનવાર નીતનવાં બહાનાં શોધી પોતાને ઘેર સમૂહ ભોજન પણ ગોઠવી કાઢે. એમના પતિ પણ એટલા જ પ્રેમાળ, શાંત અને સૌમ્ય. અમે રાત્રે વૉકિંગ કરીને આવીએ પછી પપૈયું, ટેટી, આઈસક્રીમ જેવી વસ્તુઓ અમને આપ્યા વિના ન ખાય. આર્થિક મુસીબતમાં તેઓ અમને ડૉલર ધરી દેતાં પણ અચકાયા ન હતા.

૧૯૯૧ની અખાત્રીજથી અકબંધ રહેલો અમારો આ સંબંધ આજની તારીખે પણ સ્નેહની સુવાસથી સુરભિત થઈ રહ્યો છે. આવા પ્રેમાળ પાડોશી સૌને મળે એવા પ્રભુને પ્રાર્થના !

**- કુસુમબેન આર જોષી, સેક્ટર-૨૦**

મોકો મળ્યો છે આજે તો હું ખાસ કહીશ કે મારા પાડોશી મને ખૂબ જ પ્રેમાળ લાગે છે, તેઓ મને મારા સ્વજન જેવા જ લાગે છે. ભલે અમારી વચ્ચે કોઈ લોહીનો સંબંધ નથી પરંતુ અમારો સંબંધ તેના કરતાં પણ વિશેષ છે. ઘણી વખત અમે કામમાં વ્યસ્ત હોઈએ ને બે-ત્રણ દિવસ સુધી એમનો સંપર્ક ન થઈ શકે તો જ્યારે મળીએ ત્યારે અવશ્ય પૂછે, 'કેમ બે-ત્રણ દિવસથી દેખાતા નથી ?' એમના શબ્દોમાં અમને ભારોભાર લાગણી ને હૂંફ વર્તાઈ જ આવે !

અવારનવાર અનેક નાની-મોટી મદદ પણ એમના તરફથી અમને મળતી રહે છે ને એમની સંગતે જીવન આરામથી વિતે છે. 'પહેલો સગો એ પાડોશી' એવું એમણે અમને મહેસૂસ કરાવ્યું છે એ બદલ એમનો અંતઃકરણપૂર્વક આભાર !

**- નિશા**